For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


# ફૂગ્ગો ફૂટ્યો? સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં સુરત ટોપ-3થી પાંચમાં ક્રમે ફેંકાયું

**સુરતનો** ફેંકાયેલો ક્રમ બતાવી રહ્યો છે કે સુરતની હવા પ્રદૂષિત થઈ રહી છે

સુરતઃ આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ નિમિત્તે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે 'સ્વચ્છ વાયુ દિવસ ૨૦૨૬'ની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી અને એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નેશનલ ક્લીન એર પ્રોગ્રામ હેઠળ દેશના ૧૩૦ નોન-એટેનમેન્ટ શહેરોનું મૂલ્યાંકન કરીને 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૬'નાં પરિણામો જાહેર કરવામાં આવ્યાં હતાં, જેમાં છેલ્લાં બે વર્ષથી ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી રહેલા સુરતે પોતાનું સ્થાન ગુમાવી પાંચમા ક્રમે આવતા સુરતની હવા દૂષિત થઈ રહી હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

સુરતે આ વખતે 200માંથી માત્ર 191 માર્ક મેળવતા બે નંબર પાછળ ખસક્યું છે. એટલે કે ત્રીજા નંબર પરથી પાંચમાં નંબરે પટકાયું છે. ઉત્તર

...અનુસંધાન પાના 11 પર




## આ માપદંડોના આધારે નંબર અપાય છે

- **રોડ ડસ્ટ અને ઘન કચરાનું સંચાલન:** રસ્તા પરથી ધૂળ નિયંત્રણ માટે સ્વીપિંગ મશીનનો ઉપયોગ અને કચરાનો યોગ્ય નિકાલ.
- **વાહન ઉત્સર્જન નિયંત્રણ:** ઇલેક્ટ્રિક વાહનો (EV)નો ઉપયોગ અને ટ્રાફિક વ્યવસ્થાપન.
- **ઔદ્યોગિક પ્રદૂષણ:** ફેક્ટરીઓમાંથી નીકળતા ધુમાડા પર નિયંત્રણ અને ગ્રીન ટેક્નોલોજી.
- **બાંધકામ અને ડિમોલિશન કચરો:** C&D વેસ્ટનું યોગ્ય પ્રોસેસિંગ.
- **બાયોમાસ અને C&D વેસ્ટ સળગાવવા પર રોક:** ખુલ્લામાં કચરો સળગાવવા સામે કડક પગલાં.
- **જાહેર જાગૃતિ અને શિક્ષણ:** પર્યાવરણ અને સ્વચ્છ હવા અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવાના કાર્યક્રમો.

### સુરત 2024માં પહેલા ક્રમે અને 2025માં ત્રીજા નંબરે આવ્યું હતું

સુરત છેલ્લાં ત્રણ વર્ષથી સ્વચ્છતા સરવેમાં નંબર-1ના દાવાઓની આલબેલ પોકારી રહ્યું છે. જોકે, વાસ્તવિકતા કંઇક જુદી છે. સ્વચ્છતા સરવેમાં તો ડોક્યુમેન્ટેશનના આધારે નંબર વનનો તાજ જીતી જવાય છે. પરંતુ સ્વચ્છ વાયુ સરવેએ સુરતના તંત્રની

...અનુસંધાન પાના 11 પર

### નાનકડી સિદ્ધિની મસમોટી પબ્લિસિટી કરતાં મનપાના તંત્રએ શરમના માર્યા એવોર્ડની વિગતો છુપાવી

સુરત મનપાના તંત્રએ આ એવોર્ડ સમારંભમાં જાહેરાત થઇ ચૂકી હોવા છતાં નાલેશીભરી આ વિગતોથી શરમના માર્યા વિગતો છૂપાવવા પ્રયાસ કર્યો હતો. નાનકડી

...અનુસંધાન પાના 11 પર





# આજે નવસારીમાં 'નમો'

**દેશના** પ્રથમ AI 'નમો કમલમ'ના લોકાર્પણ માટે ભવ્ય તૈયારી

**વડાપ્રધાન** નવસારી હેલિપેડ પર આગમન કર્યા બાદ કાર્યક્રમ સ્થળે પહોંચશે

નવસારી : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના તા. ૮ સપ્ટેમ્બરના નવસારી પ્રવાસને લઈને સમગ્ર જિલ્લામાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નેશનલ હાઈવે પર ગ્રીડ નજીક તૈયાર કરાયેલા 'નમો કમલમ'

...અનુસંધાન પાના 11 પર




## નવસારીના દરિયા કાંઠે સુરક્ષા વધારાઈ

નવસારી: વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંભવિત નવસારી પ્રવાસને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. આગોતરા સુરક્ષા આયોજનના ભાગરૂપે મરીન ટાસ્ક ફોર્સ (MTF) દ્વારા ધોલાઈ બંદરથી પોંસરી-બિગરી સુધીના દરિયાઈ પટ્ટામાં પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું

...અનુસંધાન પાના 11 પર

| 1100 | 500 | 30 | 389 | 1.15 |
|---|---|---|---|---|
| બહેનો કળશ સાથે સ્વાગત કરશે | પુરુષો ડમરુના નાદ કરશે | બહેનો ઢોલ-ત્રાંસા સાથે આવકારશે | ગામોમાં લાઈવ પ્રસારણ | લાખથી વધુ ગ્રામજનો આ કાર્યક્રમમાં જોડાશે |

# દિલ્હીની બહાર પ્રથમવાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ કેવડિયામાં

22 સપ્ટેમ્બરે કેવડિયામાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર-2024ના ભવ્ય સમારોહનું આયોજન

**રાષ્ટ્રપતિ** દ્રૌપદી મુર્મુના હસ્તે ભારતીય સિનેમાની 92 પ્રતિભાઓનું સન્માન થશે

ગાંધીનગર: ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારોમાં સ્થાન ધરાવતા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના ઇતિહાસમાં ગુજરાત હવે એક ઐતિહાસિક અધ્યાય ઉમેરવા જઈ રહ્યું છે. નર્મદા જિલ્લાના વિશ્વવિખ્યાત

...અનુસંધાન પાના 11 પર

## એક હજાર મહેમાનોની ક્ષમતા ધરાવતું વિશેષ માળખું

રાષ્ટ્રીય કક્ષાના આ પ્રતિષ્ઠિત કાર્યક્રમને અનુરૂપ સ્ટેચ્યુ ઓફ યુનિટી બસ-બે વિસ્તાર ખાતે વિશેષ જર્મન એલ્યુમિનિયમ માળખાનો ગુંબજ તૈયાર કરવામાં આવશે. કાર્યક્રમ સ્થળે આશરે એક હજાર મહેમાનોની બેઠક ક્ષમતા સાથે કાર્યક્રમની ભવ્યતા અને ગરિમાને અનુરૂપ તમામ જરૂરી માળખાકીય તથા અન્ય વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની વૈશ્વિક ઓળખ અને તેની ભવ્ય પૃષ્ઠભૂમિમાં યોજાનાર આ સમારોહ દેશના ફિલ્મ જગતના પ્રતિષ્ઠિત પુરસ્કારને ગુજરાતની પ્રવાસન ઓળખ સાથે જોડશે.

## જિલ્લા તંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જેવા અતિમહત્ત્વપૂર્ણ કાર્યક્રમનું સુચારૂ, સલામત અને સંપૂર્ણ ગરિમા સાથે આયોજન થાય તે માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટર ગંગા સિંઘની અધ્યક્ષતામાં યોજાયેલી મહત્ત્વપૂર્ણ બેઠકમાં કાર્યક્રમની વ્યવસ્થા, સુરક્ષા, પ્રોટોકોલ, મહાનુભાવોના આગમન અને પ્રસ્થાન, કાર્યક્રમ સ્થળની વ્યવસ્થા સહિતની વિવિધ તૈયારીઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં યોજાનાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ નર્મદા જિલ્લાની વૈશ્વિક પ્રવાસન ઓળખને વધુ મજબૂત બનાવનાર

...અનુસંધાન પાના 11 પર

# હવે કોઝવે નજીકના ડી-માર્ટના સ્ટોરમાં અનાજમાં જીવાત નીકળી

**પેકેજિંગ** પર મેન્યુફેક્ચરિંગ તારીખ પણ ન હતી, સ્થળ પર ગંદકી, રૂ.25 હજાર વહીવટી ખર્ચ વસૂલાયો

**કતારગામ** ઝોનમાં 12 સંસ્થાની તપાસમાં 10ને નોટિસ

સુરતઃ શહેરમાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોનના અખંડઆનંદ વોર્ડ વિસ્તારમાં ચીફ સેનેટરી ઈન્સ્પેક્ટર અને સ્કવોડની ટીમ દ્વારા સંયુક્ત આરોગ્યલક્ષી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કુલ 12 સંસ્થાની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 10 સંસ્થાને નોટિસ આપવામાં આવી હતી.

તપાસ દરમિયાન ડી-માર્ટમાં સંગ્રહ કરવામાં આવેલા અનાજમાં કીટાણુ જોવા મળતાં આરોગ્ય વિભાગની ટીમે ગંભીર નોંધ લીધી હતી. ઉપરાંત કેટલાક પેકેજિંગ પર મેન્યુફેક્ચરિંગ તારીખ દર્શાવવામાં આવી ન હોવાનું પણ સામે આવ્યું હતું. સ્થળ પર સ્વચ્છતાનો અભાવ અને ગંદકી પણ જોવા મળી હતી. આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM)ના નિયમો મુજબ જરૂરી ચાર પ્રકારના ડસ્ટબિન ઉપલબ્ધ ન હોવાનું જણાયું હતું. સૂકો અને ભીનો કચરો અલગ કરવા માટેની વેસ્ટ સેગ્રીગેશન વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી. નિયમોના ભંગ બદલ મનપા દ્વારા ડી-માર્ટ પાસેથી રૂ.25,000નો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો હતો. સાથે જ સંસ્થાને નોટિસ ફટકારી નિયમોનું પાલન કરવા તાકીદ કરવામાં આવી હતી. સ્વચ્છતા અને આરોગ્યના નિયમોના ભંગ સામે મનપાની ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહે તેવી શક્યતા છે.

...અનુસંધાન પાના 11 પર

## કોને કોને નોટિસ ફટકારાઇ

■ કાઠીયાવાડી હોટલ ડભોલી ■ બાપા સીતારામ કુંભણીયા ભજીયા ■ ડી માર્ટ -કોઝવે ■ કાકા ની ભાજી એન્ડ ઢોસા ■ યમ્મી ટમ્મી ઢોસા ■ જી વિલા રેસ્ટોરન્ટ ■ લક્ષ્મી ફરસાણ માટે ■ સન રાઈઝ ઢોસા ■ વરીયા ફરસાણ માટે ■ ક્રિષ્ના બેકરી

# રસ્તા પરથી મળેલો મોબાઈલ ખિસ્સામાં મૂક્યો ને ફાટ્યો

**ATMમાં** પૈસા ઉપાડતી વખતે મોબાઈલમાં બ્લાસ્ટ થયો, યુવક ગંભીર રીતે દાઝ્યો



સુરતઃ ભેંસાણ રોડ પર મળેલો તૂટેલી ડિસ્પ્લેવાળો મોબાઈલ ફોન ચાલુ હાલતમાં હોવાથી યુવકે તેને ખિસ્સામાં મૂકી દીધો હતો. ત્યારબાદ ATMમાં પૈસા ઉપાડતી વખતે અચાનક મોબાઈલ ગરમ થઈ બ્લાસ્ટ થતાં યુવક દાઝી ગયો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ અમદાવાદના વતની પરૂણકુમાર બાબુભાઈ પોમલા (35 વર્ષ) હાલમાં જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલા અંબિકાનગરમાં પરિવાર સાથે રહે છે અને પ્રિન્ટિંગ પ્રેસના વ્યવસાય સાથે સંકળાયેલા છે. રવિવારે બપોરના સમયે તેઓ ઘર નજીક આવેલા ATMમાંથી રૂપિયા ઉપાડવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. દરમિયાન તેઓ ભેંસાણ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પવિત્ર રેસીડેન્સી પાસે રસ્તા પર ઓપ્પો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઈલ ફોન પડેલો જોવા મળ્યો હતો. મોબાઈલની ડિસ્પ્લે તૂટેલી હતી, પરંતુ ફોન ચાલુ હાલતમાં હતો. જેથી પરૂણકુમારે

...અનુસંધાન પાના 11 પર

## ઉધનામાં પાણીની લાઇનના ખોદકામમાં ગુજરાત ગેસની પાઇપલાઇન ડેમેજ

# 4000 પરિવારને બહારનું ખાવાનો વારો આવ્યો

**અગિયારસ** અને શ્રાવણના છેલ્લા સોમવારે સાડા સાત કલાક ગેસ બંધ રહેતા ગૃહિણીઓ મુશ્કેલીમાં, અડધું રાંધેલું ભોજન કાચું રહી ગયું

સુરતઃ ઉધના વિસ્તારમાં સોમવારે બપોરે ગુજરાત ગેસની પાઈપલાઈનને નુકસાન થતાં અંદાજે 4000 ઘરમાં PNG ગેસનો પુરવઠો ખોરવાઈ ગયો હતો. બપોરે 12 વાગ્યાથી બંધ થયેલો ગેસ પુરવઠો સાંજે લગભગ 7.30 કલાકે રાબેતા મુજબ શરૂ થતાં, સ્થાનિક રહેવાસીઓએ સાડા સાત કલાક સુધી ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મળતી માહિતી મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા પાણીની લાઈન માટે ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન ગુજરાત ગેસની પાઈપલાઈનને નુકસાન પહોંચતાં ઉધના વિસ્તારની અનેક સોસાયટીઓમાં ગેસ સપ્લાય અચાનક બંધ થઈ ગયો હતો. ઉધનાના કાશીનગર, હરિધામ, આશીર્વાદ, સાંઈ સમર્પણ, રામનગર, સાંઈ દર્શન સહિત ઉધના આસપાસની અનેક સોસાયટીઓમાં બપોરથી ગેસનો પુરવઠો બંધ રહેતાં હજારો પરિવારોની રસોઈ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. ગેસ પુરવઠો અચાનક બંધ થયા બાદ લગભગ 15 મિનિટ પછી ગ્રાહકોને ગુજરાત ગેસ તરફથી મેસેજ મોકલવામાં આવ્યો હતો કે પાઈપલાઈનને નુકસાન થવાને કારણે ગેસ સપ્લાય કામચલાઉ અસરગ્રસ્ત થયો છે અને ઈમરજન્સી ટીમ રિપેરિંગની કામગીરી કરી રહી છે.

શરૂઆતમાં ગ્રાહકોને ત્રણ કલાકમાં રિપેરિંગ પૂર્ણ થવાની શક્યતા દર્શાવતો મેસેજ મોકલાયો હતો. ત્યારબાદ ગુજરાત ગેસ દ્વારા વધુ એક મેસેજ મોકલીને રિપેરિંગ માટે પાંચ કલાકનો સમય લાગી શકે છે તેવી જાણ કરવામાં આવી હતી.

આજે અગિયારસ અને શ્રાવણનો છેલ્લો સોમવાર હોવાથી અનેક ઘરોમાં ધાર્મિક ઉપવાસ અને વિશેષ ભોજનની તૈયારીઓ ચાલી રહી હતી. ત્યારે બપોરના સમયે અચાનક ગેસ બંધ થઈ જતાં ગૃહિણીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી.

કેટલાંક ઘરોમાં રસોઈ ચાલુ હતી અને અડધું જમવાનું બની ગયું હતું, જ્યારે બાકીનું ભોજન કાચું રહી ગયું હતું. કેટલાક પરિવારોને તૈયાર કરેલું અથવા અડધું રાંધેલું ભોજન બગડી જતાં ફેંકવાની ફરજ પડી હોવાનું પણ રહેવાસીઓએ જણાવ્યું હતું. આ ઘટનાએ ફરી એક વખત શહેરમાં વિવિધ સરકારી અને મહાનગરપાલિકાની ભૂગર્ભ લાઈનો નજીક ખોદકામ દરમિયાન પૂરતી સાવચેતી રાખવાની જરૂરિયાત સામે લાવી છે. એક પાઈપલાઈનને થયેલા નુકસાનના કારણે માત્ર થોડા કલાકોમાં જ 4000 જેટલા ઘરોની રસોઈ વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી.

## લગભગ 7.30 કલાકે ગેસ સપ્લાય ફરી રાબેતા મુજબ શરૂ થયો

રસોઈ બનાવવાની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાથી અનેક પરિવારોને બપોરે હોટલ અને રેસ્ટોરન્ટમાંથી જમવાનું મંગાવીને ભોજન કરવું પડ્યું હતું. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો ધરાવતા પરિવારોને વધુ મુશ્કેલી પડી હતી. સાંજે લાંબા સમય સુધી ગેસ પુરવઠો શરૂ ન થતાં રહેવાસીઓમાં ચિંતા જોવા મળી હતી. આખરે ગુજરાત ગેસની ઇમરજન્સી ટીમે પાઇપલાઇનનું રિપેરિંગ પૂર્ણ કર્યા બાદ સાંજે લગભગ 7.30 કલાકે ગેસ સપ્લાય ફરી રાબેતા મુજબ શરૂ કર્યો હતો.

# મુંબઈમાં ખરાબ હવામાનથી દિલ્હી-મુંબઈની ફ્લાઈટ સુરત ડાયવર્ટ કરાઈ

212 મુસાફર સાથે સાંજે 4.22 વાગ્યે ઈન્ડિગોની ફ્લાઈટનું સુરત લેન્ડિંગ

**મુસાફરની** તબિયત બગડતાં પીપલોદની હોસ્પિટલમાં ખસેડાયો


સુરત : મુંબઈમાં ભારે વરસાદ અને ખરાબ હવામાનને કારણે દિલ્હીથી મુંબઈ જતી ઈન્ડિગોની એક ફ્લાઇટને સોમવારે સાંજે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. ફ્લાઇટમાં કુલ 212 મુસાફરો સવાર હતા. મુંબઈમાં હવામાન સુધર્યા બાદ ફ્લાઇટે સુરતથી ફરી મુંબઈ માટે ઉડાન ભરી હતી.

એરપોર્ટના સૂત્રોના જણાવ્યા મુજબ, દિલ્હીથી મુંબઈ જતી ઈન્ડિગોની ફ્લાઇટ મુંબઈ એરપોર્ટ પર ખરાબ હવામાનને કારણે લેન્ડિંગ કરી શકી ન હતી. પરિણામે ફ્લાઇટને સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં

...અનુસંધાન પાના 11 પર

## પાયલટની ડ્યૂટી પૂર્ણ થતાં બે નવા પાયલટ ફ્લાઇટને મુંબઈ લઈ ગયા

જોકે, સુરત એરપોર્ટ પર ફ્લાઇટ રોકાયેલી રહી તે સમયગાળા દરમિયાન ફ્લાઇટના બંને પાયલટની નિર્ધારિત ફરજનો સમય પૂર્ણ થઈ ગયો હતો. ડોમેસ્ટિક એવિયેશનના નવા ફ્લાઇટ ડ્યૂટી નિયમો મુજબ પાયલટ માટે નિર્ધારિત ડ્યૂટી અને ફ્લાઇટ સમયની મર્યાદાનું કડક પાલન કરવામાં આવે છે અને કોઈપણ પાયલટને નક્કી કરેલી મર્યાદા કરતાં વધુ સમય સુધી સતત ઉડ્ડયન કરવાની મંજૂરી આપવામાં આવતી નથી. આ ફ્લાઇટના બંને પાયલટની 8 કલાકની ફરજ પૂર્ણ થતાં, સુરત એરપોર્ટ પરથી અન્ય બે પાયલટને ફ્લાઇટની જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારબાદ નવા પાયલટ ફ્લાઇટને સુરતથી મુંબઈ લઈ ગયા હતા.



**સોળમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

અક્ષર નિવાસી આપનું સ્મરણ અને આપના આશિષ એજ અમારો વૈભવ એજ અમારી સ્મરણાંજલિ.

પ.પૂ.શાંતિભાઈ ટાંક
સ્વ.તા.૦૮-૦૯-૨૦૧૦

લિ.
પલ્લવી - ગૌતમ
હેતલ - મનીષ - આરતી
બીટ્ટુ (આશિતા)-શૈલેન-નિત્ય
સમીર - નેહા - સોનૂ
ઋતવીજ - ત્રિશા - કહાન અને
છોટુભાઈનાં જય સ્વામિનારાયણ


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


**ક્ષત્રિય દુઃખદ અવસાન/બેસણું**



દિલગીરી સહ જણાવવાનું કે
અમારા માતૃશ્રી
ગં. સ્વ. હીરાબેન નવીનચંદ્ર કાપડીયાનું
તા.૦૭/૦૯/૨૦૨૬ને સોમવારના
રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**સદ્‌ગતની અંતિમ યાત્રા**
તા.૦૮/૦૯/૨૦૨૬ને મંગળવારના
રોજ સવારે ૯ કલાકે
અમારા નિવાસસ્થાનેથી નીકળી
ઉમરા મુકામે જશે.

**સદ્‌ગતનું બેસણું**
તા.૦૯/૦૯/૨૦૨૬ને બુધવારના
રોજ સવારે ૯ થી ૧૧ કલાકે
BPAH હોલ, શ્રી સુરત પાંજરાપોળ,
ઘોડદોડ રોડ, સુરત .

ગં. સ્વ. હીરાબેન નવીનચંદ્ર કાપડીયા
સ્વ. તા. ૦૭/૦૯/૨૦૨૬

લિ.
સ્વ. નવીનચંદ્ર લલ્લુભાઈ કાપડીયા
મહેશકુમાર નવીનચંદ્ર કાપડીયા — અનુરાધા મહેશકુમાર કાપડીયા
મનીષકુમાર નવીનચંદ્ર કાપડીયા — સીમા મનીષુકમાર કાપડીયા
જય મહેશકુમાર કાપડીયા — જેની જય કાપડીયા
સ્વ. રાજેષકુમાર હસમુખભાઈ સીંગાપુરી — સરોજ રાજેષકુમાર સીંગાપુરી
હિરેનકુમાર હસમુખલાલ જરીવાલા — બીનલ હિરેન જરીવાલા
ધ્રુવીત ઉમેશભાઈ જરીવાલા — જેનીષા ધ્રુવીત જરીવાલા
નીશીતા, મિતાંશ
સમસ્ત કાપડીયા પરિવાર



મારા પુણ્યશલીલા
'બા'ની
૨૪મી
પુણ્યતિથીએ
**શ્રદ્ધાંજલિ**
સ્વ. મણીબેન ધીરૂભાઈ ઈજારદાર
જન્મ તા. ૨૦-૦૮-૧૯૨૯ | પરલોક ગમન તા. ૦૮-૦૯-૨૦૦૨

**એવી છે મારી "માં"**
જીવનની કાંટાળી કેડીમાં એ ફૂલ બની જાય,
હારું છું કંટાળું છું ત્યારે .... સખી બની જાય,
દુનિયાની દુનિયાદારીમાં ગૂંચવાઉં ત્યારે..... સમજણના પાઠ બની જાય,
જોઉં કોઈ સ્વપ્ન અને પૂરાં કરવાં મથું ત્યારે... આશીર્વાદ બની જાય,
દુઃખી થાઉં જ્યારે હું મારા જ કર્મનાં ફળથી ત્યારે... દુવા બની એ તો વરસી જાય,
ઘણી દૂર છે તે આજ મારાથી છતાં,
મારા જીવનમાં એ સંસ્કાર બની મીઠી છાયા દેતી જાય.. એવી છે મારી "માં"
નહિ ચૂકવી શકું ઋણ કદી તેનું તેવી મારી "માં" ની મમતા આજ મારા જીવનમાં..
નિઃસ્વાર્થ પ્રેમનું ઝરણું બનીને વહેતી જાય... એવી છે મારી "માં"...

લિ. આપના સદાય ઋણી
દીપક ધીરૂભાઈ ઈજારદાર (પુત્ર) | ધ્યેય દીપકભાઈ ઈજારદાર (પૌત્ર)
'ભક્તિધામ', સુલતાનાબાદ, ડુમસ, સુરત.

**અનાવિલ અવસાન**



સ્વ. સનતકુમાર રમણલાલ દેસાઈ
જ.તા. ૬/૧૧/૧૯૫૪-
સ્વ.તા. ૬/૯/૨૦૨૬
(રીટા. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા)

દિલગીરી સહ જણાવવાનું કે, મારા **પિતા શ્રી સનતકુમાર રમણલાલ દેસાઈ** (કોસમાડાકર) સુરતનું દુઃખદ અવસાન તા.૬/૯/૨૦૨૬ ને રવિવારના રોજ થયેલ છે.

સદ્‌ગતનું **સંયુકત બેસણું તા:૯/૯/૨૦૨૬** ને બુધવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન **દયાળજી આશ્રમ, (ગ્રાઉન્ડ ફલોર, એ.સી.હોલ) મજૂરાગેટ, સુરત** મુકામે રાખેલ છે. **લૌકિક રિવાજ સદંતર બંધ છે.**

શ્વસુર પક્ષ :
દેવાંગ છોટુભાઈ દેસાઈ
ગૌરાંગ છોટુભાઈ દેસાઈ
(વલસાડ)

સ્વ. વિરમતીબેન રમણલાલ દેસાઈ
સ્વ. જાગૃતિબેન સનતકુમાર દેસાઈ
સ્વ. કશ્યપ સનતકુમાર દેસાઈ
ભુષણ સનતકુમાર દેસાઈ
તેજલ ભુષણ દેસાઈ
ધ્વનિ ભુષણ દેસાઈ
વેદાંત ભુષણ દેસાઈ
(ઘાસવાલા પરિવાર)

નિવાસસ્થાન: ઈ-૪૦૪, ગ્રીન આર્કેડ, સ્ટારબકસની ગલીમાં, એલ.પી.સવાણી રોડ, અડાજણ સુરત